सा विद्या या विमुक्तये

# શારદ

સપ્ટેમ્બર, ૨૦૧૮
વર્ષ ૩૭, અંક-૧

શારદામંદિર, અમદાવાદ.

## આવકાર

વિદ્યાર્થી મિત્રો,

સાદર પ્રણામ,

સૌને નમસ્કાર,

આપણી શાળાનું નવું સત્ર તા. ૧૧-૬-૨૦૧૮ શરૂ થયું. નવા (પ્રવેશ લેનાર) આવનાર તમામ વિદ્યાર્થીઓ તથા શાળામાં વિશ્વાસ સાથે અભ્યાસ કરતા તમામ બાળકોને શારદામંદિર પરિવાર તરફથી આવકારું છું. નવું શૈક્ષણિક વર્ષ નવા બદલાવ સાથે પ્રારંભ થયેલ છે. આ વર્ષે શાળામાં સરકારશ્રીના આદેશ અનુસાર નવરાત્રી વેકેશન ૧૦ દિવસનું રહેશે તથા દિવાળી વેકેશનના ૧૦ દિવસ ઓછા થશે.

શાળામાં નવા વર્ષથી મૂલ્યાંકન પધ્ધતિમાં પણ બદલાવ આવેલ છે. જૂની માળખાકીય પરીક્ષા પધ્ધતિનો ફરીથી અમલ શરૂ થાય છે અને સેમીસ્ટર સિસ્ટમ નાબૂદ થાય છે. ધરતીનો છેડો ઘર એમ આપણે ફરીથી મૂળ પધ્ધતિ એટલેકે પ્રથમ પરીક્ષા-૫૦ ગુણ, બીજી પરીક્ષા-૫૦ ગુણ, વાર્ષિક પરીક્ષા-૮૦ ગુણ અને ૨૦ ગુણ આંતરિક મૂલ્યાંકનથી લેવામાં આવશે.

સત્રની શરૂઆતમાં જ ઘણી બધી ઈતર પ્રવૃત્તિઓમાં પણ શાળાના વિદ્યાર્થીઓએ કાઠુ કાઢ્યું છે. સ્વીમીંગ, સ્કેટીંગ, ચેસ, પાવર લિફ્ટ, NCC, ક્રિકેટ, કલા મહાકુંભના પ્રવેશે આપણી શાળાના વિદ્યાર્થીઓએ ઈનામ પ્રાપ્ત કરેલ છે. તે બદલ સૌને અભિનંદન.

નવા પ્રવેશ પામતા વિદ્યાર્થીઓએ બેંક એકાઉન્ટ ખોલાવું તેમજ આધાર કાર્ડ કઢાવવું જરૂરી છે. બહુ ટૂંકા ગાળામાં ધો.૬ થી ધો.૮માં NCERTની મૂલ્યાંકન પધ્ધતિ અમલમાં આવશે.

એક શિક્ષક તરીકે હું આશા રાખું કે આપણે બાળકોનું બેક ગ્રાઉન્ડ શું છે એ વાત પર ફોકસ ન કરીએ, પણ બાળકોને સારા સ્તરે પહોંચાડવા માટે આપણું કર્મ શું છે તે વિશે વિદ્યાર્થીઓ તથા વાલી, સાથે મળી ટાઈમ મેનેજમેન્ટ કરે. જેથી સમય ક્યાં ક્યાં વેડફાય છે તે નક્કી કરી, વધુ વિદ્યા અભ્યાસ માટે સમય ફાળવી શકાય. વિદ્યાર્થીઓએ શાળામાં ટુ વ્હીલર લઈને આવવું નહી, શાળા ફક્ત સાયકલ મુકવાનીજ સગવડ આપશે.

- આચાર્ય

( વિજય રાવલ)

## આ અંકમાં

❖ આવકાર
❖ અભિનંદન, અગત્યની નોંધ
❖ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓ
❖ Competitions
❖ આંતરગૃહ સ્પર્ધાઓના વિજેતાઓ
❖ પ્રવૃત્તિઓ - Activities
❖ ચાલો વાંચીએ
❖ વિદ્યાર્થી વિભાગ ,શાળાનો સ્થાપનાદિન
❖ વિદ્યાર્થી વિભાગ
❖ Student's Corner
❖ મંથન, ચાલો બનાવીએ
❖ ઈતિહાસ

## નવરાત્રી વેકેશન

શાળાના તમામ વિભાગોમાં તા. ૧૦-૧૦-૧૮ ને બુધવાર થી તા. ૧૭-૧૦-૧૮ બુધવાર સુધી વેકેશન રહેશે. તા. ૧૯-૧૦-૧૮ને શુક્રવારથી શાળા રાબેતા મુજબ ચાલુ થશે.

## દિવાળી વેકેશન

શાળાના તમામ વિભાગોમાં તા. ૫-૧૧-૧૮ ને સોમવાર થી તા. ૧૮-૧૧-૧૮ રવિવાર સુધી વેકેશન રહેશે. તા. ૧૯-૧૧-૧૮ને સોમવારથી શાળા રાબેતા મુજબ ચાલુ થશે.

# અભિનંદન

| શાળાનું પરિણામ- માર્ચ-૨૦૧૮ | | | |
|---|---|---|---|
| **વિનયમંદિર** | | | |
| | બેઠા | પાસ થયા | ટકા |
| S.S.C. | 87 | 84 | 96.50 |
| ધો.12 Science | 50 | 49 | 98.00 |
| ધો.12 Commerce | 66 | 56 | 84.80 |
| **મોડર્ન હાઈસ્કુલ** | | | |
| | બેઠા | પાસ થયા | ટકા |
| S.S.C. | 35 | 35 | 100.00 |
| ધો.12 Science | 15 | 13 | 86.60 |
| ધો.12 Commerce | 13 | 11 | 84.60 |



## શાળાનું ગૌરવ
## (શારદામંદિર મોડર્ન હાઈસ્કુલ)


માર્ચ-૨૦૧૭માં SSC પરીક્ષાનું શાળાનું પરિણામ ૧૦૦% આવતા ગુજરાત સરકારના શિક્ષણમંત્રી દ્વારા શાળાના **આચાર્યશ્રી પાયલબેન શાહ**નું બહુમાન કરવામાં આવેલ અને શાળાને પ્રશસ્તિપત્ર એનાયત કરેલ.

ઉત્તિર્ણ થયેલ સૌ વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

# અગત્યની નોંધ

આપના બાળકની ફી સમયસર ભરવી આવશ્યક છે. શાળા દ્વારા બાકી ફી અંગેની સૂચના મોકલતા બાળક પણ ક્ષોભ અનુભવે છે. આવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય તેવી અપેક્ષા.

આચાર્ય



ગુજરાત

અમદાવાદમાં ટ્રાફિક ઝુંબેશ

**સગીરોને વાહન ચલાવવા આપતા માતા-પિતા સામે ગુના દાખલ કરાયા**

[illegible]

**અમદાવાદમાં વિવિધ ઠેકાણેથી ટ્રાફિક પોલીસે સગીરોને ઝડપ્યા : ૨૫ માતા પિતા સામે ફરિયાદ નોંધવામાં આવી**

[illegible]

સરકારી આદેશ મુજબ શાળા કક્ષાએ ભણતા સગીર ઉંમરના બાળકોને વાહન (સ્કુટર) ચલાવવા ન આપવા. તેમ છતાં પણ આ નિયમનો ભંગ કરનારના વાલીની સામે પણ ગુનો દાખલ કરવામાં આવે છે તે ધ્યાન લેશોજી.

# વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓ



## ગુજરાત સબજુનિયર પાવર લિફ્ટિંગમાં ગોલ્ડ મેડલ

શાળાના વિનયમંદિર ધોરણ ૯માં અભ્યાસ કરતો વિદ્યાર્થી **માહી ફાલ્ગુનભાઈ વ્યાસ** કે જેણે વેકેશન દરમ્યાન ખાડિયા સાર્વજનિક વ્યાયામ શાળા તરફથી થલતેજ ખાતે આવેલ સ્ટુડીઓ-૨૭માં યોજાયેલ ગુજરાત સબજુનિયર પાવર લિફ્ટીંગમાં ૨૦૧૮ ચેમ્પિયનશિપમાં ૧૦૫ કિ.ગ્રા. વજન જૂથમાં કુલ ૧૭૫ કિ.ગ્રા. વજન ઉંચકીને શ્રેષ્ઠ દેખાવ કરી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.

## સંગીત - કલા મહાકુંભ

શાળાના વિનયમંદિર વિભાગની વિદ્યાર્થિનીઓએ કલા મહાકુંભની સ્પર્ધામાં ભાગ લીધેલ અને વિજેતા થયેલ વિદ્યાર્થિનીઓએ પુરસ્કારરૂપે ચેક પ્રાપ્ત કરેલ તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.

| સ્પર્ધા | તારીખ | વિદ્યાર્થિનીનું નામ | ક્રમ | |
|---|---|---|---|---|
| શાસ્ત્રીય સંગીત | ૨૯-૭-૧૮ | બ્રહ્મભટ્ટ હિમાદ્રી શૈલેષભાઈ (ધો.૧૨-અ) | બીજો |  |
| સુગમ સંગીત | ૨૫-૭-૧૮ | ચૌહાણ ખુશી હિરેનભાઈ (ધો.૧૨-અ) | ત્રીજો |  |



## સ્વીમીંગ કોમ્પીટીશન (ડીસ્ટ્રીક્ટ લેવલ)

તા.૧૧ અને તા. ૧૨ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ રાજકોટ ખાતે ડીસ્ટ્રીક્ટ લેવલે યોજાયેલ સ્વીમીંગ કોમ્પીટીશનમાં શાળાનો ધો.૧૧-અ નો વિદ્યાર્થી ક્ષિતીજ હેમનભાઈ અઘારા પ્રથમ નંબરે વિજેતા થયેલ, તે બદલ શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## ભારત વિકાસ પરિષદ (સમૂહગાન)

ભારત વિકાસ પરિષદ તરફથી તા. ૧૨-૮-૨૦૧૮ના રોજ રાષ્ટ્ર સમૂહગાન સ્પર્ધા યોજાઈ હતી. તેમાં ૧૯ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં આપણી શાળાનો પ્રથમ નંબર આવેલ છે. તે બદલ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન.




## તત્કાલ બાળચિત્ર સ્પર્ધા

ગુજરાત રાજ્યકક્ષા શિક્ષક સંઘ આયોજીત ૧૮મી તત્કાલ ચિત્ર સ્પર્ધા-૨૦૧૮, તા. ૧૫-૮-૧૮ના રોજ યોજવામાં આવેલ, જેમાં આપણી શાળાના નીચેના વિદ્યાર્થીઓ વિજેતા થયેલ.

- મીત ગૌરવભાઈ ચૌહાણ (ધો.૭ - શિશુમંદિર)
- કાવ્યા રમેશભાઈ વોરા (ધો.૮-મોડર્ન સ્કુલ)

ઉપરોક્ત વિજેતા થયેલ વિદ્યાર્થીઓએ દોરેલ ચિત્રોનું એક પ્રદર્શન કર્ણાવતી આર્ટ ગેલેરીમાં તા. ૯-૯-૧૮ થી તા.૧૯-૯-૧૮ સુધી યોજવામાં આવેલ અને તે પ્રસંગે વિજેતા હરિફોને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ.

ઉપરોક્ત વિજેતાઓને શાળા તરફથી અભિનંદન.

# COMPETITIONS

Different Competitions of Kala Mahakumbh-2018 were held in which the artists from Middle Zone and West Zone participated in Play Role, Garba, Sugam Sangeet, Group Song, Tabla, Flute, Harmonium etc. **Thakkar Dev Yogeshbhai (Std.9E)** and **Shah Rudra Ankit (Std.8E)** from our school participated in it. Their performance and art attracted everyone.

## Handwriting Competition

Handwriting Competition is an essential skill for Children. The Hand Writing Competition was arranged on 9th July for Std.1 to 4 students to develop their handwriting. The result is as follow :

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Std.1E** | 1st | Ahari Amis Motilal | **Std.2E** | 1st | Thakor Navya Arvindbhai |
| | 2nd | Solanki Hiya Bharat | | 2nd | Shah Rujul Rimplekumar |
| | 2nd | Solanki Yuvraj Amitkumar | | 2nd | Shah Priyanshi Pratikkumar |
| | 3rd | Rajput Tusarsingh Ganeshsingh | | 3rd | Sutariya Yash Mehulbhai |
| | 3rd | Patel Dhvisha Kalpeshbhai | | 3rd | Mandaliya Siya Hiren |
| | 3rd | Joglekar Prathmesh Yogesh | | 3rd | Rajput Purva Vinitkumar |
| **Std.3E** | 1st | Parmar Sanskruti Vishalbhai | **Std.4E** | 1st | Singh Anshika Raghvendra |
| | 2nd | Patel Veer Tejasbhai | | 2nd | Joshi Vaani Dhavalbhai |
| | 2nd | Solanki Vansh Bharatbhai | | 2nd | Chauhan Krishirajsinh Ghansh |
| | 3rd | Ajugia Bhavya Yogeshbhai | | 3rd | Patel Samarthi Mehulkumar |
| | 3rd | Vindhani Mohammad Umanar Altafbhai | | 3rd | Prajapati Aarav Pankajbhai |
| | | | | 3rd | Shukla Stavya Rakshitkumar |



**Kudo Championship**

**Nishra Dipakbhai Shah (10-E)** won bronze medal in 8th Gujarat State Kudo Championship held at Navsari on 5th of August 2018. She participated in under-15 girls category. She was trained at Shreyas Kudo Classes under supervision of coach Pravin Jadeja. Our school is very proud fo this young girl who is making her bold image in society.

HLCC MUN (MODEL UNITED NATIONS) અને યુનાઈટેડ નેશન્સ ઈન્ફર્મેશન સેન્ટર ઓફ ઈન્ડિયા એન્ડ ભૂતાનના સંયુક્ત ઉપક્રમે

- આ સંસ્થામાંથી જજ તરીકે ૯ સભ્યોની સમિતિ આવી હતી અને નીચેના વિષયો માટે વક્તૃત્વ (ડીબેટ) સ્પર્ધા યોજી હતી.
- "Debate in loksabha" જેનો વિષય હતો "સુપ્રિમકોર્ટ"
- ગુજરાત વિધાન સભા જેનો વિષય હતો "Reservation in Gujarat"
- યુનાઈટેડ નેશન્સ કમિટિ જેનો વિષય હતો "ત્રાસવાદ"

ઉપરોક્ત સ્પર્ધામાં ૮૫૦ શાળાઓના કુલ ૬૭૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## All India Essay Writing Event - 2018

United Nations Information centre for india and Bhutan with Shri Ram Chandra Mission and Heartfulness Education Trust have organised The All India Essay Writing Event-2018 in which our School had also Participated in category Class 9 to 12.
Topic is "There is a wisdom of the head and a wisdom of the heart - Charles Dickens, with a word limit of 600".

The following five students have submitted their entries :

(1) Kadia Garv Yatinbhai (10E)
(2) Kansara Harsh Samitbhai (10E)
(3) Dave Mann Vipulbhai (12E)
(4) Sevak Mudra Tarak (10E)
(5) Chauhan Manthan Sunilbhai (10E)

Various Incentives and Prize Money will be awarded to deserving students.

# આંતરગૃહ સ્પર્ધાઓના વિજેતાઓ

## મહેંદી સ્પર્ધા

તા.૨૦-૭-૧૮ના રોજ શાળામાં મહેંદી સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ૨૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ. આ સ્પર્ધામાં જે વિદ્યાર્થીનીઓએ હાથમાં મહેંદી મૂકી તેમની વચ્ચે સ્પર્ધા હતી. મહેંદીમાં પણ ગુજરાતની ગરિમાને જાળવી રાખી. નિર્ણાયકોને પણ નંબર આપવામાં મુંઝવણ થાય તેવી આ સ્પર્ધા રહી હતી. વિજેતા વિદ્યાર્થીઓ નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| **પ્રથમઃ** | (૧) ઝાલા વિધિ કમલેશભાઈ | (ધો.૧૨-અ) | (ગીતગોવિંદ) |
| | (૨) શાહ દેવર્શિ કેયૂરભાઈ | (ધો.૧૨-અ) | (મેઘદૂત) |
| **દ્વિતીય :** | (૧) ચાંપાનેરી ઝરણા બ્રિજેશકુમાર | (ધો.૧૨-અ) | (ગીતગોવિંદ) |
| | (૨) કોરી કંચન રાજેશભાઈ | (ધો.૧૦-બ) | (પદમપુકુર) |
| **તૃતીય :** | (૧) લગડ હેલી હરેશભાઈ | (ધો.૧૧-અ) | (મેઘદૂત) |
| | (૨) શાહ ક્રિષા સમીરભાઈ | (ધો.૯-અ) | (ગીતગોવિંદ) |

## નિબંધ લેખન સ્પર્ધા

નિબંધ લેખન સ્પર્ધાનું ત્રણ ભાષાઓ જેમકે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં આયોજન કરવામાં આવેલ. જેમાં ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેના વિષયો નીચે મુજબ હતાં.

(૧) સ્ત્રી સશક્તિકરણ, (૨) યોગ એ સ્વાસ્થ્ય - જીવનની સોનેરી ચાવી, (૩) વિજ્ઞાનની સિધ્ધિઓ, (૪) આપણા રાષ્ટ્રીય તહેવાર

**તા.૧૦-૭-૧૮ના રોજ યોજાયેલ અંગ્રેજી ભાષામાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરેલ જેમાં આપણી શાળાના વિદ્યાર્થીએ ભાગ લીધેલ, વિજેતા વિદ્યાર્થીઓ નીચે મુજબ છે.**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમઃ** | કાયસ્થ વ્રજ ધવલકુમાર | (ધો.૯-અ) | (ચંદ્રમૌલી) |
| **દ્વિતીય :** | ત્રિવેદી જૈમિન પ્રતિકકુમાર | (ધો.૯-અ) | (ગીતગોવિંદ) |
| **તૃતીય :** | (૧) રાઠોડ આંચલ હસમુખભાઈ | (ધો.૧૦-બ) | (મેઘદૂત) |
| | (૨) શાહ ક્રિષ્ના મનીષભાઈ | (ધો.૧૦-બ) | (મેઘદૂત) |

**તા.૧૦-૭-૧૮ના રોજ યોજાયેલ ગુજરાતી ભાષામાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરેલ જેમાં આપણી શાળાના વિદ્યાર્થીઓ ભાગ લીધેલ, વિજેતા વિદ્યાર્થીઓ નીચે મુજબ છે.**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમઃ** | પરીખ સિધ્ધિ અલ્પેશભાઈ | (ધો.૧૦-બ) | (ચંદ્રમૌલી) |
| **દ્વિતીય :** | શાહ વાદન હિતેષભાઈ | (ધો.૧૦-અ) | (ચંદ્રમૌલી) |
| **તૃતીય :** | (૧) બાવળિયા ધ્રુવ જયસુખભાઈ | (ધો.૯-અ) | (ચંદ્રમૌલી) |
| | (૨) વોરા પૂજન નિમેષભાઈ | (ધો.૯-અ) | (ગીતગોવિંદ) |

**તા.૨૦-૭-૧૮ના રોજ હિંદી નિબંધ સ્પર્ધા યોજાઈ હતી જેમાં વિજેતા નીચે મુજબ છે.**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમઃ** | સોની પ્રાચી આનંદભાઈ | (ધો.૧૦-બ) | (ગીતગોવિંદ) |
| **દ્વિતીય :** | રાવલ દેવકુમાર વિશાલકુમાર | (ધો.૯-અ) | (મેઘદૂત) |
| **તૃતીય :** | (૧) ત્રિવેદી ધ્રુવી મિતેષકુમાર | (ધો.૧૦-બ) | (ચંદ્રમૌલી) |
| | (૨) ચૌહાણ મિતાલી ટીલસિંહ | (ધો.૧૧-અ) | (ચંદ્રમૌલી) |

## આંતરગૃહ સ્પર્ધાઓના વિજેતાઓ

તા. ૨૮-૮-૧૮ને મંગળવારના રોજ યોજાયેલી પંચાજીરી સુશોભન સ્પર્ધામાં વિનયમંદિરના ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં સ્વાદ અને સુશોભનની બંને કળાને પ્રાધાન્ય આપવામાં આવ્યું. પંચાજીરીમાં ધાણા, જીરુ, ઝીણી ખાંડ, મરી પાવડર, વરિયાળી વગેરે વસ્તુઓનો ઉપયોગ થાય છે. તે કૃષ્ણ ભગવાનની પ્રિય પ્રસાદી છે.

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ :** | બાવળિયા ધ્રુવ જયસુખભાઈ | (૯-અ) | (ચંદ્રમૌલી) |
| **દ્વિતીય:** | શાહ બંસરી નિલેશભાઈ | (૯-બ) | (પદમપુકુર) |
| **તૃતિય :** | ઉપાધ્યાય નંદિની નીલેશભાઈ | (૯-અ) | (ગીતગોવિંદ) |
| | ચૌહાણ વિધિ રાહુલભાઈ | (૯-અ) | (ગીતગોવિંદ) |

### પંચાજીરી સ્વાદ

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ :** | રાજદેવ વૈષ્ણવી અમીષભાઈ | (૯-અ) | (ગીતગોવિંદ) |
| **દ્વિતીય :** | વાઘેલા શિવરાજસિંહ ચંદ્રસિંહ | (૧૧-અ) | (પદમપુકુર) |
| **તૃતિય :** | ચૌહાણ વિધિ રાહુલભાઈ | (૯-અ) | (ગીતગોવિંદ) |

### પારણા

પારણામાં શિશુમંદિરના ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. કૃષ્ણ ભગવાનના જન્મ ઉત્સવ પછી તેમને પારણે ઝુલાવવામાં આવે છે, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પારણાને સ્ટોનથી, લાકડામાંથી, રૂ થી, ફલોપીથી, જેમ્સથી, ક્રાફ્ટથી તેમજ પ્લાસ્ટીકથી શણગારવામાં આવ્યું.

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ :** | કુકડિયા વૃષિકા નેહલભાઈ | (૧૧-અ) | (ગીતગોવિંદ) |
| **દ્વિતીય :** | કાયસ્થ વ્રજ ધવલભાઈ | (૯-અ) | (ચંદ્રમૌલી) |
| **તૃતિય :** | શાહ ક્રિયા નયસારભાઈ | (૯-બ) | (ચંદ્રમૌલી) |

### મહેંદી સ્પર્ધા

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પ્રથમ | પટેલ ક્રિશા હિતેશકુમાર | (૭બ) | રત્નદીપ | તૃતીય | વણઝારા રણક લાલાભાઈ | (૮બ) | રત્નદીપ |
| દ્વિતીય | શાહ પ્રિયા સમીરભાઈ | (૬બ) | ધવલગીરી | તૃતીય | પ્રજાપતિ દેવકી ભરતભાઈ | (૮બ) | ધવલગીરી |
| દ્વિતીય | વાઢેળ હર્ષાણી મનહરભાઈ | (૮બ) | રત્નદીપ | તૃતીય | ગજ્જર બંસરી જીગ્નેશભાઈ | (૭બ) | ધવલગીરી |

### Mehndi Competition

The Mehndi Competition was held on 13th July as the Gaurivrat started. The Students participated with great zeal. The result of competition is given below.

| | | | |
|---|---|---|---|
| **First Rank** | Rathod Namrata Kanaiyalal | (Std.9E) | (Kadam) |
| **Second Rank** | Makvana Krisha Amarbhai | (Std.8E) | (Parijat) |
| | Nandini Rajeshbhai Rathod | (Std.8E) | (Parijat) |
| **Third Rank** | Chauhan Prachi Jagdishsinh | (Std.7E) | (Palash) |
| | Parekh Isha Ghanshyam | (Std.8E) | (Kadam) |
| | Shah Khushi Amitbhai | (Std.7E) | (Amaltas) |

### Rakhi Making Competition

A Rakhi making competition was held on 24th August, Friday for all students of Std. 3 to 6. They made colourfull rakhis almost all the students worked with accuracy. The result of Rakhi making competition is given below.

**Std. 3E**

| | |
|---|---|
| I | Parmar Sanskruti Vishalbhai |
| II | Pandya Preksha Amitkumar |
| II | Purani Vrunda Taral |
| III | Muchhadiya Saumil Bhavinkumar |

**Std. 4E**

| | |
|---|---|
| I | Shah Khushi Ankitbhai |
| II | Prajapati Hevin Viralkumar |
| II | Paresh Varda Birenbhai |
| III | Sevak Dhyana Tarak |
| III | Chauhan Krishirajsinh Ghanshyam |

**Std. 5E**

| | |
|---|---|
| I | Gohel Druma Vinodkumar |
| II | Prajapati Angel Dineshbhai |
| II | Babuwala Aaditya Nikhilbhai |
| III | Shah Mithilesh Samir |

**Std. 6E**

| | |
|---|---|
| I | Sumad Bhavya Dipakbhai |
| II | Nagar Saumya Mehul |
| II | Joshi Kush Gaurangbhai |
| III | Bhatt Ameya Gaurang |
| III | Nagar Isha Yogeshbhai |
| III | Doshi Vidit Suagmbhai |

# પ્રવૃત્તિઓ

## બાલમંદિર

⌘ તા. ૧૧-૬-૨૦૧૮ને સોમવારથી શાળાનું નવું સત્ર શરૂ થયું. લાંબી રજાઓની મજા માણી, બાળકો હર્ષભેર શાળામાં આવ્યા. હરિયાળા વૃક્ષોથી ભરપૂર બાલમંદિરનું ક્રિડાંગણ જોઈ બાળકો આનંદમાં આવી ગયા. વેકેશનની રજાઓમાં કરેલ પ્રવૃત્તિ અંગે પૂછપરછથી પ્રથમ દિવસની શરૂઆત થઈ. જીવનમાં ખૂબ ઉપયોગી એવી પ્રવૃત્તિઓ જેવીકે હાથ ધોવા, નખની સફાઈ, બૂટ-ચંપલની ગોઠવણી, દાંતની સફાઈ જેવા પાઠ સમજાવવામાં આવ્યા.

⌘ તા. ૨૩-૬-૧૮ ને શનિવારે ઈતર પ્રવૃત્તિમાં 'ભૂંડી ઉંદરડી' પપેટ બતાવવામાં આવ્યું, જે દ્વારા સ્વચ્છતાનો ખ્યાલ આપવામાં આવ્યો.

⌘ તા. ૩૦-૬-૧૮ ને શનિવારે પર્યાવરણ અંગે સમજ આપીને વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું. 'વૃક્ષો આપણા મિત્રો છે' એ સમજાવવામાં આવ્યું.

⌘ તા. ૧૩-૭-૧૮ ને શુક્રવારે ભગવાન જગન્નાથ નગરયાત્રાએ નીકળે છે તેની સમજ આપી. રથયાત્રા પર્વની સમૂહવાર્તા કરવામાં આવી. જાંબુ, મગ, કાકડી, કેરી, દાડમનો પ્રસાદ આપવામાં આવ્યો.

⌘ તા. ૧૭-૭-૧૮ ના રોજ ગૌરીવ્રત નિમિત્તે જવારાની વાવણી કરાવવામાં આવી. જવારાનું પૂજન કરાવી માથે જવારા લઈ સુંદર ચણિયાચોળી પહેરી નાની બાળાઓએ 'ગોરમાનો વર કેસરિયો' ગરબો કરવાની મજા માણી તથા સૂકામેવાની ઓળખ આપી.

⌘ તા. ૨૮-૭-૧૮ ને શનિવારે બાગકામમાં વપરાતા દરેક સાધનની ઓળખ આપી, મેથીની વાવણી કરાવી. ઉગતી મેથીનું નિરીક્ષણ કરવાની બાળકોને ખૂબ મજા આવી.

⌘ ચિત્રવાર્તા, પપેટ, માટીકામ, ગડીકામ, બાગકામ જેવી પ્રવૃત્તિઓ આપવામાં આવી.

### શારદામંદિરના ૯૫ મા સ્થાપનાદિનની ઉજવણી

બાલમંદિર વિભાગના બાળકો દ્વારા તા. ૧૪-૮-૨૦૧૮ને મંગળવારના રોજ શાળાના ૯૫મા સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી નિલેશભાઈ રાણપુરા** જેઓ ઈ-ઈન્ફોસીસ કંપનીમાં ચીફ ડીઝાઈનર તરીકે કાર્ય કરી રહ્યા છે તેમણે બાળરથીનું પૂજન કર્યું હતું અને તેમના શાળાકીય સમય દરમ્યાનના સંસ્મરણો કહ્યા હતાં.









# પ્રવૃત્તિઓ - ACTIVITIES

### જન્માષ્ટમી

તા. ૩૧-૮-૧૮ને શુક્રવારના રોજ બાલમંદિરના બાળકો દ્વારા જન્માષ્ટમીનો કાર્યક્રમ ભજવવામાં આવ્યો. આ કાર્યક્રમના અતિથિપદે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી જિનેશભાઈ દલાલ** ઉપસ્થિત હતાં.આ કાર્યક્રમ નિહાળવા અને બાળકનો પ્રોત્સાહિત કરવા શાળાનો વાલીવર્ગ મોટી સંખ્યામાં હાજર રહેલ.









### ધ્વજવંદન

તા. ૧૫-૮-૧૮ને બુધવારના રોજ સવારે ૮ કલાકે શાળાના કમ્પાઉન્ડમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો. શાળાના શિશુમંદિર વિભાગના મદદનીશ શિક્ષિકા **શ્રીમતી કોકીલાબેન મનાણી**ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.



### જીવનના મૂલ્યો

આપણી શાળામાં બાળકોમાં જીવનના મૂલ્યો વિશેની સમજ આપવા માટે 'તત્વતીર્થ આશ્રમ'માંથી **શ્રી સોનલબેન** પધારેલ, જેઓ પોતે સ્પીચ થેરાપીસ્ટ છે. તેઓએ બાળકોમાં આપણી ભૂલાઈ જતી સંસ્કૃતિ અને આપણી ભૂલાઈ જતી જીવનશૈલી વિશે માહિતી આપેલ. દરેક અઠવાડિયે એક-એક ધોરણને તેમણે સત્ય ઘટનાઓ વિશે માહિતી આપેલ.

### Plantation

The Rotract Club of Ahmedabad held a Programme of Tree Plantation in our School on 25th July 2018. Teachers and students together planted the saplings of Tulsi, Asopalav, Deshi Mango Tree, Gulmohar Neem Tree etc.

### Guru Purnima

It is difficult to admire the strength and greatness of the Guru. The Students should always give respect to the Guru. On the day of Gurupurnima songs were sung to represent the greatness of the guruji. The students gave flowers to the teachers and worshipped them. Students gave their speech and played a drama to celebrate the day.

### Rathyatra And Rain Assembly

Raths of Bhagvan Jagnnath Balram and Shubhadra were made by the Students explaining the importance of Rathyatra. Raths were run in the Prayer Hall and Prasad of sprouted gram and Chocolates were distributed. In the same assembly "drip drop rain" dance was performed by the students of Std.1 and 2 . The "Varsarani" play was performed by students of Std.3, 4 and 5.

# પ્રવૃત્તિઓ - ACTIVITIES

## ચૂંટણી પરિણામ

| | | | |
|---|---|---|---|
| **મહામંત્રી** | ઓઝા નૈશા ભૂષણભાઈ (૮અ) | **ઉપમંત્રી** | શાહ વિરતી સૌરભભાઈ (૮અ) |
| (શિશુમંદિર) | શાહ કવિશ ચિરાગ (૮અ) | | દોશી ભવ્ય પ્રિતેશભાઈ (૮બ) |

**- ગૃહજન નિમાયા -**

| **ગૃહ** | **ગૃહનેતા (બહેનો)** | **ગૃહનેતા (ભાઈઓ)** |
|---|---|---|
| રત્નદીપ | સોની ડિંકલ આશીષ | કાટિયા સાર્થક અશોકભાઈ |
| | વાઢેળ હર્ષાણી મનહરસિંહ | પટેલ દેવ યશવંત |
| ધવલગિરિ | પટેલ સાન્યા હિરેનકુમાર | જાની દક્ષ ભાવેશકુમાર |
| | પ્રજાપતિ દેવકી ભરતભાઈ | ગજ્જર ધાર્મિક પ્રજ્ઞેશભાઈ |
| મેઘનાદ | શાહ ડિમ્પી કેયુરભાઈ | કાજીવાલા યુવરાજ બિજલકુમાર |
| | લાવંત્રા પ્રિયાંશી વસંતભાઈ | પારેખ શુભમ તુષારભાઈ |
| ગંગોત્રી | રાવલ હિમાંશી શૈલેષ | પરીખ ખુશીલ જૈમીશભાઈ |
| | વખારીયા હેત્વી ચિરાગભાઈ | દેસાઈ નીર મોહનભાઈ |

બાળકોમાં નેતૃત્વશક્તિનો વિકાસ થાય, સંઘ ભાવનાનો વિકાસ થાય તથા બાળકોમાં એક સાથે ટીમ બનાવીને હકારાત્મક

---

## Election Result

The election for G.S. and A.G.S. was held on 23rd June amongthe Students of Standard 7, 8 and 9. The election of Group Captain was held on 25th June. Before election G.S. and A.G.S. had given their speech in their favour and also promised that they would work in the favour of students and school and help them to solve problems.

| | | | |
|---|---|---|---|
| **G.S. :** | Zaveri Mahi Vinodkumar | **A.G.S. :** | Dave Kavya Janardanbhai |
| Modern Highshool | Thakkar Dev Yogeshbhai | | Dwivedi Nishay Jagdishbhai |

**Group Captains**

| | | | |
|---|---|---|---|
| **Amaltash-1st :** | Patel Rudra Kaushalbhai | **2nd :** | Sheth Parva Jiteshbhai |
| | Shah Vaama Birenbhai | | Gandhi Heli Sohelbhai |
| **Kadamb -1st :** | Prajapati Manav Hirenbhai | **2nd :** | Yadav Aadarsh Bhavanbhai |
| | Shah Dhruvi Fenilbhai | | Vadecha Hitanshi Manishbhai |
| **Palash- 1st :** | Limbachiya Saiyam Nikunjbhai | **2nd :** | Thakkar Dev Yogeshbhai |
| | Shah Pranali Pineshbhai | | Shah Aangi Harshalbhai |
| **Parijat - 1st :** | Shah Yash Maulikbhai | **2nd :** | Dave Kavya Janardanbhai |
| | Shah Kaisha Chiragbhai | | Bhagat Jay Bhaveshbhai |

---

## Maths-Science Exhibition

Maths - Science Exhibition at SVS Level Ahmedabad City, 2018-19 for Secondary and Higher Secondary was organised at Ankur Higher Secondary School on 10th September, 2018. The students of Std. 9 to 10 of Shardamandir Modern Highschool participated in that exhibition.

This exhibition was based on 5 main subjects :

(1) Agriculture and organic farming. (3) Resource Management
(2) Health and Cleanliness. (4) Waste Management
(5) Transport and communication / Mathematic Models.

The Students of our school performed very well by exhibiting the projects as under, which received good appreciation and certificates. The projects are as under :

| | | |
|---|---|---|
| Vaccum Cleaner | (Std. 9-E) | Thakkar Dev Yogeshbhai & Prajapati Manav Hiren |
| Water Coservation | (Std.10-E) | Rana Rishikesh Harish & Somani Om Dineshbhai |

The projects were guided by the teacher of our School **Mr. Harendra A. Soni & Mr. Ashish R. Dalal.**

## ચાલો વાંચીએ...

**પુસ્તકનું નામ : મહાદેવભાઈની ડાયરી**
**પ્રાર્થના અને નિર્ભયતા : ગાંધીજીની ધરપકડ**
**- મહાદેવભાઈ દેસાઈ**

તા. ૩-૧-૧૯૩૨

સવારની ચાર વાગ્યાની પ્રાર્થનામાં લોકોને જાગ્રત કરતો એક નાનકડો સંદેશો (ગાંધીજીએ) આપ્યો. એ જેટલા પ્રમાણમાં આ અજોડ કટોકટીના સમયે હાકલ કરે છે, તેટલા જ પ્રમાણમાં ધાર્મિક ઉપદેશ હતો.

''કેટલાક દિવસથી આ પ્રાર્થનાઓમાં તમે મારા સાથી બની રહ્યા છો, અને હવે જ્યારે લડત ફરીથી ઉપડી છે અને મને ગમે તે વખતે ઉપાડી જવામાં આવે ત્યારે પણ રોજ સવાર-સાંજની પ્રાર્થના તમે નિયમિત પણે ચાલુ રાખજો. આત્મશુદ્ધિ યજ્ઞમાં પ્રાર્થના ઘણો મોટો ભાગ ભજવે છે. જેમ જેમ તમે પ્રાર્થનામાં રસ લેતા જશો, તેમ તેમ તમને નિર્ભયતાનો અનુભવ થતો જશે, કારણ, નિર્ભયતા એ આત્મશુદ્ધિનું અંગ છે, આત્મશુદ્ધિની નિશાની છે. હા, પ્રાર્થના બાહ્ય વસ્તુ ન હોવી જોઈએ, ઢોંગ ન હોવો જોઈએ, પ્રાર્થના કરતાં ક્ષણેક્ષણ થવું જોઈએ કે ઈશ્વરની સમીપ અને સમપી જતા જઈએ છીએ. આટલી સાદી અને સીધી વાત તમે સમજો અને તમારા હૃદયમાં ઉતારો એમ માગું છું.''

દેખીતી રીતે ગાંધીજીના મનમાં વાઈસરૉયને કોઈ જવાબ મોકલવાની ઈચ્છા નહોતી. કોમનવેલ્થ ઓફ ઈન્ડિયા લીગના મિ. હૉશબિન સાચી સ્થિતિ જાણવા માટે તાર પર તાર મૂકતા હતા.

હવે શું થશે ? ગાંધીજીને પકડાવાના ભણકારા વાગી રહ્યા છે. આજે પકડાશે, કાલે પકડાશે એમ સૌ કોઈ કહે છે.

તા. ૪-૧-૧૯૩૨

ગાંધીજીને મૌનવાર હતો. દેવદાસે કહ્યું, 'જેની રાહ જોતા હતા તે દૂતો આવ્યા છે. (પકડાવા માટે)'. ગાંધીજીએ વલ્લભભાઈને ચિઠ્ઠી લખી, હિન્દુસ્તાનની પ્રજાને ઉદ્દેશીને. લોકો માટેનો આ સંદેશો જેટલો ટૂંકો હતો તેવો જ પ્રેરણાદાયક હતો.

'ઈશ્વરની કૃપા અપરંપાર છે. લોકોને કહેજો કે સત્ય અને અહિંસા ન છોડે, પાછી પાની ન કરે, પોતાનું સર્વસ્વ અર્પણ કરે અને સ્વરાજ મેળવે.'

આ પછી આ આદર્શ વૈષ્ણવજનને વળાવવા, સૌએ 'વૈષ્ણવજન તો તેને કહીએ' ગાયું અને એમના ચરણમાં પડી આશીર્વાદ લીધા. જેનો એક એક શ્વાસ અને એક એક હલનચલન સમર્પેલું છે, તેનાથી વધુ સુખી કોઈ નથી. હજી આગલા જ દિવસે તો તેમણે પ્રાર્થના અને નિર્ભયતા વિશે કહ્યું હતું....

(-પ્રકાશન માટે સંપાદન કરવામાં આવ્યું છે.)

**લેખકનો પરિચય : મહાદેવભાઈ દેસાઈ** ચરિત્રલેખક, ડાયરીલેખક, અનુવાદક હોવા ઉપરાંત એમના ડાયરી લેખનને કારણે વિશેષ જાણીતા છે. સ્વરાજ આંદોલન નિમિત્તે એમણે લખેલા ગ્રંથો પૈકી ખાસ કરીને ગાંધીજીની દિનચર્યા-જીવનચર્યાને આલેખતી આ ડાયરી મહાદેવભાઈની સૂક્ષ્મનિરીક્ષણશક્તિ અને ભાવવાહી રસળતી શૈલીની અભિવ્યક્તિ શક્તિનું ઉદાહરણ છે.

(ડાયરીનું મહત્ત્વ : ગાંધીજી ડાયરીને જીવનસુધારક ગણતા હતા અને દરેકને ડાયરી લખવાનો આગ્રહ કરતા. તેમણે લખ્યું છે, 'રોજનીશી લખવાનો નિયમ કર્યા પછી કદી ન છોડવી. એનો લાભ તુરત નહીં તો પાછળથી જણાશે જ.' ડાયરી એટલે રોજેરોજ ભરાતો જતો સ્મરણોનો દરિયો. પુસ્તકો આપણા મિત્ર કહેવાય છે અને ડાયરી પરમસાથી તેમજ પરમસાક્ષીની ભૂમિકા ભજવી શકે છે.)

## વિદ્યાર્થી વિભાગ



**નેવે કુનાલ**

હું નેવે કુનાલ મધુકરભાઈ, આજે તમને આપણી શાળામાં મારા ૧ થી ૧૨ ધોરણના અનુભવ અને સંસ્મરણો કહેવા ઈચ્છું છું. પ્રાથમિક ધોરણ એ તો વિદ્યાર્થીના ઘડતરનો પાયો છે અને મને ગર્વ છે કે આપણી શાળાએ આ પાયાને ખૂબ જ મજબૂત રીતે ઘડ્યો.

પ્રાથમિક શાળામાં સમૂહ પ્રાર્થના તથા શિક્ષકો દ્વારા અપાતી શિખામણથી મારામાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, માનવતા તથા સમાજ માટે શું યોગ્ય છે તે જોવાની દૃષ્ટિ વિકસિત થઈ. શાળામાં સમયાંતરે વિવિધ કાર્યક્રમ જેમકે વ્યસન શરીર માટે હાનિકારક, ટ્રાફિક પોલીસ દ્વારા વિદ્યાર્થીઓને ટ્રાફિકના તમામ નિયમો સમજાવવા વગેરે દ્વારા મારામાં  એક આદર્શ નાગરિકનું ઘડતર થયું. એક-બે વાર વર્ગમાં મોડા પહોંચવાથી શાળાનું મેદાન સાફ કરવાની સજા પણ મળેલ છે. જેનાથી સ્વચ્છતાનો પાઠ પણ ભણ્યો. વર્ગમાં શિસ્તના ૫ માર્ક વાર્ષિક પરીક્ષામાં મળશે, એવી લાલચ આપી શિક્ષકોએ અમને શિસ્તમાં રહેતા શીખવાડ્યું. તો ગ્રુપ લીડર, પ્રતિનિધિ, વર્ગનો કેપ્ટન વગેરે પદો દ્વારા જવાબદારી કઈ રીતે સંભાળાવી તે પણ શીખવા મળ્યું. શાળામાં થનારી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ કળા-કૌશલ્ય તેમજ બુધ્ધિમત્તાનો વિકાસ થયો. આ ઉપરાંત પી.ટી.નો પિરિયડ મને હંમેશા પ્રિય રહેતો.

શિક્ષકો કડક વલણના તો ખરાં, પણ એ માત્ર વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે કેટલીય વાર અમુક શિક્ષકો રમૂજી અંદાજમાં જીવનની ઘણી અગત્યની વાત કહી સમજાવતા તો કોઈક શિક્ષક તેને વાર્તા સ્વરૂપે કહેતા, જેથી હંમેશ માટે એ યાદ રહે. દસમાં ધોરણમાં આ શિક્ષકોના યોગ્ય માર્ગદર્શર્નને કારણે મે ૯૪% મેળવીને શાળામાં પ્રથમક્રમાંકે ઉત્તિર્ણ થયો. શાળા દ્વારા મારું યોગ્ય સન્માન પણ થયું. મેં સાયન્સ ફિલ્ડમાં બી-ગ્રુપ રાખી ૧૧-૧૨ કર્યું, ત્યારે પણ પ્રેક્ટિકલમાં શિક્ષકોએ ખૂબ સારી રીતે સમજાવ્યું જે થિયરીમાં પણ કામમાં આવ્યું. તેમાં પણ પી.ટી. હોવાથી શાળામાં ભણવાની સાથે રમત પણ થઈ જતી. બાકી તો આખો દિવસ એક સાયન્સના વિદ્યાર્થીનો કેવો હોય એ તો સૌને ખબર જ છે ! ધો.૧૨માં પણ શિક્ષકોના યોગ્ય સહકારથી મેં સાયન્સના વિષયોમાં ૯૧% મેળવ્યા તથા ફિઝિક્સ વિષયમાં મેં ૯૭ માર્કસ મેળવ્યા. આ ઝળહળતા પરિણામ બદલ હું શાળાનો ખૂબ ખૂબ આભારી છું.

હું આગળ રીસર્ચમાં જવા માંગું છું જેમાં મને શાળા દ્વારા મળેલ શિખામણ ખૂબ કામમાં આવશે. મને ગર્વ છે કે હું શારદામંદિરનો વિદ્યાર્થી હતો, જેણે મારું યોગ્ય ઘડતર કર્યું.

I will miss my school forever....

**- નેવે કુનાલ**

---

## શાળાનો સ્થાપનાદિન અને બાળરથનું મહત્ત્વ

તારીખ ૧૭ ઓગસ્ટ, તિથિ શ્રાવણ સુદ સાતમ, વર્ષ ૨૦૧૮ અને મૂશળધાર વરસાદ ! આવી જ એક સવાર - ૯૪ વર્ષ પહેલાં....

શાળાના સંસ્થાપકશ્રીના પત્ર અનુસાર, 'શ્રાવણ સુદ સાતમ અને વર્ષ ૧૯૨૪ના શુભ દિને સવારે નવ વાગ્યે, વરસતા વરસાદમાં શારદામંદિરની શરૂઆત થઈ, ત્યારે ત્યાં માત્ર પાંચ વિદ્યાર્થીઓ હતાં.' અને તે પછી, રાષ્ટ્રપ્રેમ, સમાજસેવા અને શિક્ષણસેવાના સુમેળનું તથા ગુરુકૂળ જેવું આદર્શ વાતાવરણ ઘડાતું થયું.


એ પ્રારંભને આજે યાદ કરીએ છીએ, ત્યારે લાગે છે કે આટલા દાયકાઓ બાદ પણ શારદામંદિર એ જ છે. આ ખરેખર 'મંદિર' છે, જ્યાં પૂજા બાળકની થાય છે. શારદામંદિરમાં પહેલેથી જ કેન્દ્રસ્થાને બાળક છે. પ્રશ્ન થાય, કે સ્થાપનાદિન વખતે નીકળતા આ બાળરથ એટલે શું ? એનું શું મહત્વ છે ?

ત્રણ બાળરથ, એ શારદામંદિરના ભૂતકાળનાં, વર્તમાનના અને ભવિષ્યના વિદ્યાર્થીઓના પ્રતીક છે. રથ પ્રતીક છે - જીવનસંગ્રામમાં ઝઝૂમવાનું - ઉપર બેઠેલો બાળરથી એટલે મા શારદાના ખોળે સંસ્કારોનું સિંચન પામેલો શારદામંદિરનો વિદ્યાર્થી, જે આ જીવનસંગ્રામમાં એકચિત્તે ઉભો રહીને, સ્વસ્થ રહીને, સમાજને માનવતાથી ભરી દે છે. શારદામંદિરનું સદા એ જ તો ધ્યેય રહ્યું છે કે અહીં ભણેલા વિદ્યાર્થીઓ સમાજમાં ઉત્તમ નાગરિકો બની રહે.

(અનુસંધાન પાનુ. ૧૪)

# વિદ્યાર્થી વિભાગ

## શારદા મંદિરના સંસ્મરણો


રાજદેવ ભવ્ય

'શાળા' એ શબ્દ સાંભળતા જ જાણે મનમાં અનેક અનુભવો, સારી-મીઠી યાદો અને જીવન ઘડતરના નિર્માણનું કાર્ય કરતી એક પવિત્ર જગ્યા કે જ્યાં શારદામાતા અને સમસ્ત ગુરૂજનો દ્વારા આપણામાં સંસ્કારો, શિક્ષણનું સિંચન થતું હોય એવી જ મારી, આપણા સૌની પ્રિય શાળા એટલે 'શારદામંદિર'.

આ શાળા સાથેના સફરની મારી શરૂઆત તાલીમ અને બાલમંદિરથી થઈ જ્યાં કલ્પના ટીચર સાથે મારો એક ગાઢ સંબંધ પ્રસ્થાપિત થઈ ગયો. જાણે કે માતા જેમ બાળકોને સાચવે તે જ રીતે બહેનશ્રી અમારી સાથે રહેતા. ત્યારબાદ શ્રેયસ પાસેની શારદામંદિર એટલેકે મોટી શાળામાં જવાનું થયું. નાની શાળામાં કરેલા ખેલ-કૂદ, રમતો, ગીતો બધું જ જાણે મોટી શાળામાં પણ એવું જ હતું. એ જ ગમ્મત, મસ્તી, તોફાન.

અહીં જેમ જેમ ભણતાં આગળ વધતા ગયા તેમ તેમ જાણે મારામાં નવીનતા સભર અનુભવો, જીવન ઘડતર અંગેની બાબતો હું શીખતો ગયો. શાળામાંથી લઈ જવાતા દરેક પ્રવાસ પર્યટનમાં હું અચૂક હાજર રહેતો. બધા મિત્ર વર્તુળ અને ગુરૂજનો સાથે ફરવા જવાની ખરેખર ખૂબ જ મજા આવતી. આ ઉપરાંત વર્ષ દરમ્યાન કરાવાતી વિવિધ પ્રવૃત્તિઓ, સાયન્સ ફેર, વર્ગ સુશોભન, ૨૬મી જાન્યુઆરી, સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં પણ હું હર્ષભેર ભાગ લેતો.

અહીં દરેક ધોરણ પ્રમાણે બાળકો પાસે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ, પ્રશ્નપ્રત્રો લખવા વગેરેની પ્રેક્ટિસને કારણે હું લેખનમાં ઘણો ઝડપી બન્યો જે મને દરેક પરીક્ષા વખતે ઉપયોગી નીવડે છે.

ખરેખર આ શાળાની મારી નાનપણની યાદો અને બદલાતાં સમયની સાથે થયેલ વિવિધ પરિવર્તનો અને મારા સુંદર જીવન ઘડતર માટે આ શાળા મને હરહંમેશ યાદ રહેશે. જે માટે હું સમગ્ર શાળા પરિવાર અને માતા શારદાદેવીનો ખૂબ જ ઋણી રહીશ.


અસ્તુ.

જય મા શારદા

એ જ આપનો વિદ્યાર્થી

**-રાજદેવ ભવ્ય અમીષભાઈ (ધો.૧૦)**

---


શાહ નિધિ

જ્યારે મારી શાળા છોડવાનો દિવસ આવ્યો ત્યારે મેં મારી શાળા - શારદામંદિરમાં પહેલી વખત ગમગીની અનુભવી હતી. મને સમયની ખબર જ ન પડી કે ક્યાં બાલમંદિર અને તાલીમ કે જ્યાં રમવા-કૂદવામાં, મણકા ઘોડી, ઘડિયા સુધીથી લઈને ધો. ૧૨ સુધીની મીઠી યાદોનો સમય વહી ગયો. રોજ સવારે યુનિફોર્મ, દફતર અને વોટરબેગ લઈને અમે સૌ શાળા જવા નીકળી પડતા. મને પહેલીવાર ત્યારે મારા ઉપર ગૌરવ થયેલું કે જ્યારે મને ચિત્ર સ્પર્ધામાં નંબર મેળવવા સર્ટિફિકેટ મળેલું. ભારતી ટીચર, રાજુ ટીચર, કોકિલા ટીચર, મીતા ટીચર, હેમા ટીચર જેવા શિક્ષકોના જ્ઞાન અને મીઠા ઠપકાથી પ્રાથમિક શાળાનો સમય ક્યાંય વીતી ગયો. ત્યારબાદ માધ્યમિક કક્ષામાં પ્રવેશવાનો સમય હતો. માધ્યમિક કક્ષાના શિક્ષકો વિશે તેમજ ત્યાંની શિસ્ત વિશે ઘણું સાંભળ્યું હતું પરંતુ માધ્યમિક કક્ષાના શિક્ષકોના વ્હાલ, મિત્ર સમાન વ્યવહારે મારો બધો ડર ભૂંસી નાંખ્યો. ધો. ૧૦ માં ૯૧% સાથે પાસ થઈ અને ઉચ્ચતર માધ્યમિક કક્ષામાં મેં પ્રવેશ મેળવ્યો. બે વર્ષ મારા માટે ખૂબ જ સરસ રહ્યા. મને ઘણી નવી વસ્તુઓ શીખવા મળી. નવનીત સર, જયેશ સર, હરિ સર, વનીતા ટીચર જેવા શિક્ષકોનો સાથ મળ્યો. તેથી મેં ધો.૧૨ માં ૯૧% અને ૯૯.૮૯ % સાથે શાળામાં પ્રથમ નંબર મેળવ્યો. આ માટે હું મારી શાળાનો આભાર માનું છું.

સાચે, શાળામાં શિક્ષણ સાથે જીવનના અમૂલ્ય અને રમતગમત વગેરે બહુ જ શીખવા મળ્યું. તે માટે હું શાળાના આચાર્યશ્રી વિજયભાઈ રાવલ અને સમસ્ત શિક્ષકગણનો હૃદયપૂર્વક આભાર માનું છું.

**- શાહ નિધિ નિતીનભાઈ**

## STUDENT'S CORNER



Yuvraj Vyas

Hello Friends, My name is Yuvraj Gaurangbhai Vyas. I am studying in Std.11-Science Stream, I got 94% and 99.8 Percentile in SSC Exams of March 2018.

- Board ! The most important part of student's academic life, which can change his whole life. Till now you have been competing with classmates but now for the first time you will be exposed to greater competition, with numerous students across the state appearing for exam. This will be your first step towards achieving the goal you have set in life. So here are some success mantra which you can use for achieving your goal in SSC.

- **Revise the same day :** After coming home, I used to revise whatever was taught in the class, as the topics were still fresh in mind. In case of confusion, I used to clarify with my teacher the next day.
- **Study in a systematic way :** I had made a daily Time-Table. I organised my studies in effective way. I allotted time to every subject and extra time for difficult subjects. Remember, Smart work is the key to success and not hard work. Choose the time that you think is best of study. Select a study space that you feel is most suitable and convenient.
- **Only follow the textbook :** Many students are in confusion which reference books they should buy for preparation of SSC. There are lots of books available in the market. But I suggest only to follow the textbook as question are directly asked from lines of textbook.
- **Key to success-MCQ :** MCQs asked in exams seems to easy, but, they are not that easy. Most of the MCQs are memory-based but there are few which require skill and application. These questions are tough and can be answered only if your concepts are clear. I practiced approximately 15,000 MCQs. So, practice more and more MCQs from various MCQ Books.
- **Solve Questions :** I tried to solve the questions at the end of each topic and memorise the concepts. For Maths, I used to underline the question I couldn't solve 2 or 3 times. I used to practice only these underlined questions the day before the exam.
- **Maintain IMP -** notes notebooks for each subject : I used to note down important concepts and formula that i came across during my studies. I also made a well organised solution book for maths.
- **Keep fit :** Take adequate rest. I used to take 15-minute break between my study times. Prevent studying late at night as it could exhaust your mind. Instead wake up early in morning so that you can study with a fresh mind. Make sure you are also spending some time playing and re-energizing yourself by listening to music or by playing outdoor games.
- **Keep away from Distraction :** Distractions are nightmare for students. They will cause loss of concentration and focus. Allot specific times for using mobile phones, T.V. etc. Prevent excessive use of mobile phones as you will end up wasting time.
- **Believe in yourself :** Last but not the least, you need to believe in yourself. be confident about what you have learned. Practice Papers of last 5 years to boost your confidence. Paper writing from our school will help you a lot and will make you confident.
- At each and every stage my school has supported me. I am so thankful to all the teachers as well as my school for guiding me in my studies and helping me to achieve my goal.
- Finally, Best of Luck to fellow Std. 10th students.

**- Yuvraj Vyas (2018)**
**Modern Highschool**

---



Amin Amani

Hello ! My friends, Respected teacher and entire staff of Shardamandir Modern School. Thank you for giving me such opportunity to express my gratitude towards each & every person responsible for my success in my career. I got 97.57percentile in 12th boards and that's only due to support of my respected parents and teachers.

According to me "Smart Work" is only key to success. More than hardwork we need to do smart work. Time management is an important part of smart work. Make schedule for your day to day studies. That will improve your perfection in every work. Due to this you will be able to score good in board.

Board exams are important part of a student's academic career. Don't create panic regarding the board exams. And also stay away from the rumours regarding the board exams. That will lead you in the wrong direction. Before giving exams listen to some music or even motivational speeches also. That will create positivity in your mind. Stop reading before 2 hours of your exam.

This was my little advice to my fellow friends. And all the best of 10th & 12th Standard students.

Thank you.

**- Amin Amani (2018)**
**Modern Highschool**

## STUDENT'S CORNER


Aayush Adeshara

**Aayush M. Adeshara (12th Science)**

Hello Friends, my name is Aayush Adeshara. I have just passed my 12th Science Board Exam by 85.33 percentage and 97.144 percentile rank. I got 103.5 marks in GUJCET. I was there in Sharda Mandir School from Junior KG till 12th Standard. All the teachers of Science Stream are very co-operative and solve each and every question when asked. I want to clear to my younger friends, that this is not a 10th Std. This is 12th Scie, so you need to change your strategy, your old strategy will not work here. You should treat each and every exams of schools, even the unit tests as your board exams and complete your daily work as asked by the teachers daily. You also need to forget mobile, if you have, for this particular year. Because, this is the golden year of your life. So, you should not waste this year. You should work hard and give your best, as its marks will destine your merit. And merit will destine your college and a good college will destine your future career. so my dear friends... All the Best.

**- Ayush Adeshara (2018)**
**Modern Highschool**


Dhruvi Shah

Respected Teachers and Dear Students,

Hello ! My name is Dhruvi. I am ex-student of this School. I got 92.33% in 12th Science. I am happy to get this result. To get good marks is not as difficult as we generally imagine. Three basic need to get your best result are hard work, dedication, concentration and also remember one thing you have to do your hard work until exams. Be regular in your Study. Don’t focus on getting marks focus on gaining knowledge and practice. Behind my success there is massive support by my family and teachers. They are very helpful to me. I am thankful to all of them for guiding me. I hope you all do your best because these two years of 11th and 12th are the life changer. Be focussed, all the very best. You will deserve bright future. I am proud to have such a amazing teachers and school.

**- Dhruvi Shah - 12-B**
**Modern Highschool**

---

પ્રારંભથી માંડીને આજ સુધી, આ સંસ્થાના ઉત્કર્ષ માટે ઘણી વ્યક્તિઓએ પોતાની શક્તિ અનુસાર ફાળો આપ્યો છે. તન, મન, ધન અને કેટલાંકે ત્રિવિધ રીતે પોતાની સેવાઓ આપી છે. તેમાં શારદામંદિર પરિવારનાં તમામ-આદરણીય સભ્યો, ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યો, શિક્ષકો, વાલીઓ. ભૂતપૂર્વ તથા વર્તમાન વિદ્યાર્થીઓનો સહકાર અભૂતપૂર્વ રહ્યો છે. તે માટે તેઓ નિમિત્ત બન્યાં છે અને એ સંસ્થાનું સદભાગ્ય છે.

સમયના વહેતા જતાં વ્હેણમાં, નાણાંકીય પ્રશ્નો, શૈક્ષણિક તથા વહીવટીય સમસ્યાઓ, બદલાતો સમય... એમ જેમ જેમ કસોટીઓ આવતી જાય છે, તેમ તેમ ‘મુશ્કેલી માત કી જય...’ જેવાં શારદામંદિરના સૂત્રોના સહારે, શ્રધ્ધા સાથે, ઈશ્વરકૃપાએ વિઘ્નો પાર પડતાં જાય છે.

આપણી શાળા કાયમ,સતત વિકાસશીલ રહી છે. જૂના મકાનમાંથી નવા મકાન, પ્રાર્થનામંદિર, પ્રયોગશાળા, ઈ-લર્નિંગ માટે ઓડિટોરિયમ, કમ્પ્યૂટર લેબ્સ, વગેરે - આજના વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે આધુનિક સમયની માંગ પ્રમાણે વ્યવસ્થા થતી રહી છે. માતૃભાષા ગુજરાતીનું ગૌરવ સચવાઈ રહે અને તેનું મહત્વ જળવાઈ રહે, તે માટે સમયની સાથે કદમમિલાવવા શાળામાં ગુજરાતી અને અંગ્રેજી, બંને માધ્યમો ચાલુ છે. શાળાના પરિપત્ર ‘શારદ’ને રંગીન મૃખપૃષ્ઠ સાથે, ૧૬ પાનાનું સામાયિક બનાવવામાં આવ્યું છે અને તે વિદ્યાર્થીઓએ દ્વારા જ પ્રકાશિત થાય એવાં પ્રયત્નો ચાલુ છે. શાળાની વેબસાઈટ પર પણ સમયાંતરે શાળાકીય માહિતી, શારદના અંકો, તેજસ્વી વિદ્યાર્થી વિભાગ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો પ્રતિસાદ વગેરે મુકવાનો પ્રયાસ પણ ચાલુ છે. વળી ભણતર અને ઘડતર - બાળકના નવસર્જન માટે ભવિષ્યની યોજનાઓ પણ છે. અને ‘હિંમતે મર્દા તો મદદે ખુદા’ મુજબ ઈશ્વરના હેતુને પાર પાડવાનો પ્રયાસ ચાલુ છે.

શારદામંદિરનો ઉદ્દેશ્ય છે - શ્રદ્ધા, મનની મજબૂતાઈ, ઉન્નત સંસ્કારો, તો ચાલો, સૌ ભેગાં થઈને આ બાળરથનું સ્વાગત કરીએ. તેને વધાવીએ અને શુભેચ્છા પાઠવીએ.

- રૂપલ મહેતા

## મંથન

# લંચ બોક્સ

"ટીચર ટીચર...
આજે અવનિ નાસ્તાનો ડબ્બો લાવવાનું ભૂલી ગઈ છે..."
"ઓહ...કંઈ વાંધો નહિ, ચાલો સૌ બાળકો...
દરેક જણ અવનિને પોતપોતાના ડબ્બામાંથી થોડો થોડો નાસ્તો આપો જોઈએ...."
રિસેસના અંતે બહેને વિચાર્યું,
"ચાલો, કોઈ ભૂખ્યું ન રહ્યું,
સિવાય કે,
અવનિના ઘરે તેની મમ્મા..."

બાળક જ્યારે પેટ ભરીને ખાય છે, માનું મન બસ... ત્યારે ભરાય છે.
બિસ્કીટ વેફર ને ચોકલેટથી પણ, રોટલી જેવું મીઠું ક્યાં થવાય છે !
માથે હાથ ફેરવી મા સુવાડે ત્યારે, સ્વપ્ન સઘળાં મુલાયમ થાય છે.

- સાકેત દવે (શિક્ષકશ્રી,કોમ્પ્યુટર વિભાગ)

## ચાલો બનાવીએ...

### સ્વયંપાક

કેટલાંક વર્ષો પહેલાં, શારદામંદિરમાં સ્થાપનાદિન નિમિત્તે 'સ્વયંપાક'નું આયોજન થતું, જેમાં શિક્ષકોની સહાય વડે વિદ્યાર્થીઓ જાતે જ, વર્ગખંડમાં અવનવી વાનગીઓ બનાવતાં, સૌને ચખાડતાં, સાથે જમતાં અને જાતે-બનાવેલ ભોજનનો અનેરો આનંદ માણતાં. આ નવતર પ્રયોગ ખૂબ જ સફળ નીવડયો હતો. વાલીઓને સરળ પડે અને ઝટપટ બનાવી શકાય, તેવી પૌષ્ટીક તેમજ બાળકોને ભાવે એવી 'લંચબોક્સ' માટેના નાસ્તાની વાનગીઓનાં કેટલાંક સૂચનો -

**(૧) વેજીટેબલ કટલેટ :** બાફેલું બટાકું નંગ ૧, બારીક સમારેલો નાનો કાંદો ૧/૨, બારીક સમારેલું નાનું લીલું કેપ્સીકમ૧/૨, ગાજરની છીણ ૨ ચમચા, બ્રેડ ક્રમ્બ્સ ૧ ચમચો, મીઠું, મરી, ગરમમસાલો (સ્વાદ અનુસાર) - બધું સારી રીતે ભેગું કરવું. તેના ચાર ભાગ પાડી, ગોળ લૂઆ કરી, ચપટા આકારના કટલેટ બનાવવા. ગરમતવી પર, ઓછાં તેલમાં કટલેટ બંને બાજુ શેકવા. નાસ્તાના ડબ્બામાં કટલેટ સાથે નાની ડબ્બીમાં કેચપ મૂકી શકાય તથા તાજા આહાર માટે કેળું પણ મૂકી શકાય.

**(૨) રોટીના લાડુ :** બે તાજી રોટલીઓના નાના ટુકડાં કરી, તેને મીક્સરની જારમાં મૂકવા. તેમાં ૧ ચમચો ઘી અને ૧/૨ ચમચો ગોળ ઉમેરવું. (સીંગદાણા પણ ઉમેરી શકાય) આ બધું મીક્સરમાં ફેરવવું. આ ચૂરો બહાર કાઢી, હાથેથી તેના ચારેક લાડુ બનાવવા. નાસ્તાના ડબ્બામાં રોટીના લાડુ સાથે તાજા આહાર માટે કાકડી, સૂકો મેવો પણ મૂકી શકાય.

**(૩) પુડલા :** બે ચમચા ચોખાનો લોટ, એક ચમચો ઘઉંનો લોટ, તેમાં મીઠું, મરી, ગરમમસાલો (સ્વાદ અનુસાર) ભેગું કરવું. બધું હલાવતા જવું અને ધીમે ધીમે ૩/૪ કપ જેટલું પાણી ઉમેરતા જવું. આમ પુડલાનું ખીરું તૈયાર થયું. ખીરામાં બારીક કાપેલાં શાક તથા તાજું પનીર પણ ઉમેરી શકાય. ગરમ તવી પર ઓછા તેલમાં, આ ખીરામાંથી નાના નાના પુડલા શેકવા. નાસ્તાના ડબ્બામાં પુડલા સાથે નાની ડબ્બીમાં કેચપ મૂકી શકાય તથા તાજા આહાર માટે બાફેલા ગાજર, સફરજનની ચીરી પણ મૂકી શકાય.

રજાના દિવસે અથવા બાળકને સમય હોય, ત્યારે તે હસતાં-રમતાં શીખે એ રીતે, તેની વય અનુસાર, તેની વાનગી બનાવવામાં મદદ લઈ શકાય. બાળક એટલે બાળક, ભાઈ-બહેન બંને. આજના જમાનામાં માત્ર બહેનો જ રસોઈ નથી કરતી, ઉલટાનું ભાઈઓ રસોઈકળામાં પાવરધા પુરવાર થયા છે અને 'શેફ' તરીકેની ઉંચા પગારની નોકરી-ધંધે લાગેલા છે. જો શરૂઆતથી જ આ શોખ તરીકે કેળવાઈ જાય, તો બાળક પોતાના કામ પોતાની જાતે જ કરવાનું શીખશે અને ભવિષ્યમાં ભણતર માટે અથવા નોકરી-ધંધાર્થે તેને ઘરની બહાર જવાનું થશે, તો પણ શીખેલું કામ આવશે. વળી આપણે પૌષ્ટિકતા પર પણ ભાર મૂકતા હોઈએ, તો નાનપણથી જ એક ટેવ પડશે અને આમ તેમ બહાર ભટકીને ખાવા કરતાં જાતે બનાવેલ આહાર લેવાથી તેનું સ્વાસ્થ્ય પણ સચવાઈ જશે.

## ઈતિહાસ



### બહેન : સવિતાબહેન ત્રિવેદી (૧૮૯૬-૧૯૭૩)

આજે સ્વતંત્રતા સૈનિક આઝાદીના લડવૈયા શ્રી સવિતાબેન ત્રિવેદીનો જન્મદિવસ છે. અમદાવાદમાં જન્મેલા તેઓ એસ.એન.ડી.ટી. યુનિ.ના પહેલી બેચના વિદ્યાર્થીની તરીકે સંસ્કૃત અને અંગ્રેજી વિષયો સાથે સ્નાતક થયા હતાં. શિક્ષણકાર સવિતાબેનનું સૌથી મોટુ યોગદાન એટલે ૧૯૨૪માં અમદાવાદ સ્થપાયેલી ‘શારદામંદિર’ નામની પ્રયોગાત્મક અને સંયુક્ત પરિવાર જેવી શૈક્ષણિક સંસ્થા. ૧૯૩૦માં સવિનય કાનુન ભંગ આંદોલનમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવેલ હતો. મહાત્મા ગાંધી સાથે સવિતાબેનનો પત્ર વ્યવહાર પણ થયો હતો. તેઓ માનતા હતાં કે સ્ત્રી શિક્ષણ વગર રાષ્ટ્રનો ઉધ્ધાર શક્ય જ નથી. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના પ્રમુખ, એસ.એન.ડી.ટી. યુનિ.ના સેનેટ સભ્ય, અખિલ હિન્દ મહિલા પરીષદના મંત્રી અને પ્રમુખ વગેરે હોદ્દાઓ પર રહી તેઓએ સ્ત્રી શિક્ષણ પ્રત્યે સામર્થ્ય બતાવ્યું હતું. જીવનની ઉત્તરાવસ્થામાં સવિતાબહેને ચાણોદ-કરનાળીમાં શ્રી મહિલા સમાજની સ્થાપના કરી હતી. તેઓ ચાણોદ ગ્રામપંચાયતના સભ્ય અને તાલુકા સમાજ કલ્યાણ સમિતિના અધ્યક્ષ પણ રહ્યા હતાં. ૨૦માં સૈકાના આ તેજસ્વી શિક્ષણકાર અને સામાજીક કાર્યકર્તાનું ૧૯૭૩માં અવસાન થયુ હતું.

**- સૌજન્ય : દિવ્ય ભાસ્કર, તા. ૨૧-૮-૨૦૧૮**

•

એ સમય રાષ્ટ્રીય જાગૃતિનો હતો - તેને ગાંધીયુગનો ઉષ:કાળ કહી શકાય. યુવાનો આદર્શવાદના અમલ માટે કાર્યપ્રદેશો શોધતા. દિલ્હી અધિવેશનમાંથી પાછા ફરતા બે મિત્રો ગુજરાતના શિક્ષણક્ષેત્રમાં પોતાનો ફાળો આપવાની વિચારણા કરતા હતાં. તેમાંના એક હતા, શ્રી ચંદુભાઈ દવે અને બીજા શ્રી ભોગીભાઈ ઠાકર. શ્રી ચંદુભાઈ વનિતા આશ્રમમાં આચાર્ય હતા અને શ્રી ભોગીભાઈ હોમરૂલ લીગમાં અને ગુજરાત સ્ત્રીકેળવણી મંડળમાં સહમંત્રી હતા અને વનિતા આશ્રમમાં અવેતન સેવા આપતા હતા. તેમની આ વિચારણામાં શ્રી સવિતાબહેન ત્રિવેદી ભળ્યાં, શ્રીમતી સવિતાબેન ત્રિવેદી ગુજરાતના પ્રથમ સ્ત્રી સ્નાતકોમાંના એક હતા. આ ત્રિપુટીએ અમદાવાદને આંગણે બાલશિક્ષણ અને સ્ત્રીકેળવણીનાં મંગલાચરણ કર્યાં - આ હતું આજનું વટવૃક્ષ બનેલા શારદામંદિરનું બીજારોપણ. આ સંસ્કાર ત્રિપુટીએ ખેતરોની વચ્ચે એક ખંડિયેર જેવા મકાનમાં એક સંસ્કારગૃહ શરૂ કર્યું. શારદામંદિરના આદ્યસ્થાપકો શિક્ષણ તજજ્ઞ, જીવનદર્શી અને પ્રયોગપરાયણ આત્મા હતાં; તેમને મન શારદામંદિર માત્ર સંસ્થા નહીં, પોતાનું જીવન હતું.

Savitaben Trivedi was an educationist, social worker, freedom fighter, founder of school Shardamandir, and one of the three students of 1st batch of graduates of SLU College, member of University Senate and Syndicate.

---

**શારદામંદિર**
અમદાવાદ-૭.

**SHARDAMANDIR**
Ahmedabad-7.

सा विद्या या विमुक्तये

**શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોગ**

Kind Attention :
**Past Students**

આપશ્રી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છો. શાળામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી શાળા સાથેનો સંપર્ક ચાલુ રહે તે હેતુથી શાળા આપના વિષેની માહિતી એકઠી કરવા માંગે છે. તો આ બાબતે સહકાર આપી નીચેની માહિતી E-mail Address પર અથવા Web Form પર અથવા રૂબરૂ કાર્યાલય પર મોકલી આપશો.

**પૂરૂં નામ, સરનામું, ફોન નં., મો.નં., ઈમેલ એડ્રેસ, વ્યવસાય, છેલ્લે પાસ કરેલું ધોરણ તથા વર્ષ**

Dear Past Students : We request you to please submit your Name, Address, Profession, Contact Numbers, Email and the year of passing school, so as to update School’s past students’ records. Please send the details to School Office / or by email or by web form from school's website. Thank You for your cooperation.

**Web Form Link : http://sharadamandir.com/parivar/paststudents/**
**Email : shardamandir.ahmedabad@gmail.com**

**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**
નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com

‘શારદ’નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.